


## સલામી સવારની..

પંદર પૈસા ઘટાડી પિસ્તાલીસ વધારે છે,
લાભ લે વીજ કંપની સંબંધ સુધારે છે,
ઉદ્યોગપતિ આધારે ચાલે છે સરકાર -
ખટપટ ખેલે ભિંસાય પ્રજા-નોંધારે છે...
(ટોરેન્ટ દાવ-પેંચ)

હાઈકુ

વિદેશનીતિ -
પ્રવાસ ના તમાસા,
ખાય તમાચા...
(કોઈ ભાવ પૂછતું નથી)

બ્રાન્ડ બદલે
મધુર કે અમૂલ -
કરે અશક્ત...
(મોંઘાં દૂધ)

## ચિંતન

**સંતાપાદ્ ભ્રશ્યતે રૂપં સંતાપાદ્ ભ્રશ્યતે બલં ।**
**સંતાપાદ ભ્રશ્યતે જ્ઞાનં સંતાપાદ વ્યાધિમૃચ્છતિ ॥**

હંમેશાં જે પરિસ્થિતિ મળી હોય તેનો સહર્ષ સ્વીકાર કરી એ પરિસ્થિતિમાં જ આનંદ અને સંતોષથી જીવવું જોઈએ. એ પરિસ્થિતિનો અસ્વીકાર કે વિરોધ કરવાનો કોઈ જ અર્થ નથી. માત્ર સંતાપ અને દુઃખ થાય છે : તેથી જ અહીં કહ્યું છે કે :

સંતાપ કરવાથી રૂપ - યૌવન - સૌંદર્યનો નાશ થાય છે માણસ ચિંતામાં બળી કાળો પડી જાય છે.

સંતાપથી સતત ચિંતા-અનિદ્રા અને પાચનશક્તિ નબળી પડે છે તેથી ભળ-શક્તિનો આરોગ્યનો નાશ થાય છે.

સંતાપથી વિચારવાની શક્તિ અને જ્ઞાન સૂઝ-સમજનો પણ નાસ થાય છે.

સંતાપ દ્વારા વ્યાધિ-રોગ આવે છે. સંતાપ દ્વારા બળ-બુદ્ધિ-જ્ઞાનનો નાશ થાય છે.

## સુવિચાર

- દરેક અનુકરણીય વાતોથી શીખો, સમયનો સદુપયોગ કરો, જો બીજાની ઈર્ષા નહીં કરો તો વધુ ખુશી મેળવી શકશો - **હરિન્દ્ર દવે**
- પરોપકાર સિવાય અન્ય કોઈ કર્મ વડે ઈશ્વરનું સામીપ્ય પામી શકાતું નથી - **ફાધર વાલેસ**
- જ્ઞાનીઓ વિવેકથી શીખે છે, સાધારણ માણસ અનુભવથી, મુર્ખ આવશ્કયતાથી અને પશુ વર્તનથી શીખે છે - **શાહબુદ્દિન રાઠોડ**
- જીભને જૂઠાણાની સોબત મળે છે ત્યારે દાવાનળ પ્રગટે છે અને સત્યની સોબત મળે છે ત્યારે સ્વર્ગ સર્જાય છે - **જનકલ્યાણ**
- ઈશ્વરે આવતીકાલની બાંહેધરી આજ સુધી કોઈને આપી નથી - **જીવનસૂત્ર**
- જે નાવિક જાણતો નથી કે એને કયાં બંદરે જવાનું છે એના માટે કોઈ પણ પવન અનુકૂળ હોતો નથી - **સંત રોબિન**
- આજનું ઔષધ : ખજુરની એક પેશી ચોખાના ઓસામણમાં વાટીને નાના બાળકોને બે-ત્રણ વખત આપવાથી બાળકો રૂષ્ટપુષ્ટ બને છે. (સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

આજકાલ રાજાઓ-મુખ્યપ્રધાનો માટે સાહિત્યકારો 'ચાલીસા' ઓ લખે છે અને એમની 'આત્મકથાઓ' પણ લખી આપે છે. સાહિત્યકારોમાં પોતાપણું રહ્યું જ નથી. ખ્યાતિ અને ધન માટે કંઈ પણ કરવા 'કલમ' ખરડાય છે.

આંધ્રપ્રદેશના સંત કવિ પોતન્ના સંસ્કૃતના વિદ્વાન હતા. કૃષ્ણ ભક્ત હતા. 'શ્રીમદ્ ભાગવત'થી ખૂબ જ પ્રભાવિત થયા અને આખું ય 'ભાગવત' તેલુગુ ભાષી કૃષ્ણભક્તો માટે તેલુગુમાં સંસ્કૃત જેવા જ ભાવથી જ અનુવાદ કર્યો.

પોતન્નાએ એ અનુવાદિત ગ્રંથ પોતાના કૃષ્ણભક્ત વિદ્વાન મિત્રને બતાવ્યો. ગ્રંથની પાંડુલિપિ જોઈ મિત્ર આનંદથી ઉછળી પડ્યા અને કહ્યું, 'આપણા રાજા પણ કૃષ્ણભક્ત છે અને આ ગ્રંથ જોઈ ખૂબ જ પ્રસન્ન થશે. તમે આ ગ્રંથ એમને સમર્પિત કરો તો ગ્રંથનું મહત્ત્વ વધશે અને તમને પણ અપાર ધન-સંપત્તિ પ્રાપ્ત થશે...'

પોતન્નાએ કહ્યું, 'મેં એવી કોઈ અપેક્ષાથી આ ગ્રંથનો તેલુગુ અનુવાદ કર્યો નથી. આ ગ્રંથ તો હું ભગવાન કૃષ્ણને જ સમર્પિત કરીશ...'

મિત્રએ પોતન્નાની વિરક્ત કૃષ્ણભક્તિને નતમસ્તકે વંદન કર્યા.

# સાઉદી અરેબિયાનું સન્માન નરેન્દ્ર મોદીની ઊંચાઈ વધારે છે

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિદેશયાત્રાના અંતિમ ચરણમાં બે દિવસની સાઉદી અરબ (અરબસ્તાન) મુલાકાત દરમિયાન એ ઈસ્લામિક રાષ્ટ્રનું સર્વોચ્ચ નાગરિક સમ્માન આપવામાં આવ્યું છે. રાજાના હાથે રાજાના નામનું આ લીલા પટ્ટાવાળું બહુમાન સ્વીકારનારા તેઓ મુખ્યમંત્રી હતા ત્યારે સદ્ભાવના ઉપવાસ વખતે નરેન્દ્ર મોદીએ હિંદુસ્તાનમાં કયારેક ઈસ્લામી ટોપી પહેરવાનો ઈનકાર કરી દીધેલો એ ઘટનાનું સ્મરણ થયા વિના નહીં રહે. મોદી શું ખરેખર બદલાઈ ગયા છે? એક તરફ દેશ આખામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભારતીય જનતા પાર્ટીનાં નેતાઓ સતત 'ભારત માતા કી જય' બોલાવવાની ઝુંબેશ ચલાવી રહ્યા છે, ત્યારે વડાપ્રધાન મગનું નામ મરી પાડ્યા વિના દુનિયામાં પ્રગતિશીલ મુસ્લિમ રાષ્ટ્રો સાથે ભારત હૂંફાળા સંબંધો જાળવવા માગતું હોવાના સંકેતો આપી રહ્યા છે. એમની સાથે સાઉદી અરબની મહિલાઓએ તસવીર પડાવવા પણ પડાપડી કરી બલકે એમને ખુશ કરવા માટે 'ભારત માતા કી જય'ના નારા પણ લગાવ્યા. મોદીએ સાઉદી અરબ સાથે ભારત વર્ષોથી ગાઢ સંબંધો ધરાવતું હોવાનું જણાવી દુનિયાનાં મુસ્લિમ રાષ્ટ્રોને આતંકવાદ વિરુદ્ધની આંતરરાષ્ટ્રીય ઝુંબેશમાં જોતરાવાની અપીલ કરી ત્યારે સાઉદીના રાજાએ ચોત્રીસ ઈસ્લામિક રાષ્ટ્રો આ દિશામાં સક્રિય હોવાની ખાતરી આપી. સાઉદી અરબ એ ઈસ્લામિક દુનિયાનું કેન્દ્ર છે. મક્કા-મદીના જેવાં પવિત્ર તીર્થસ્થાનોની મુલાકાતો દર વર્ષે લાખોની સંખ્યામાં દુનિયાભરના મુસલમાનો ઉમટે છે. તેલના કૂવાઓને કારણે પશ્ચિમ એશિયાના આ ખાડીના દેશો સમૃદ્ધિની છોળો વચ્ચે જીવે છે. ભારતમાં તેઓ મેટ્રો રેલ રેલ પ્રોજેક્ટથી માંડી બીજી અનેક યોજનાઓમાં માતબર રોકાણ કરવા ઉત્સુક છે. મોદીએ સાઉદી અરબના રિયાદ ખાતે વેપારીઓને ખાતરી આપવી પડી છે કે દેશમાં જીએસટી બિલ પસાર થઈને રહેશે. ઈસ્લામિક દેશો સાથે આર્થિક સંબંધો વધારવાના વડાપ્રધાનના પ્રયત્નો પ્રશંસનીય છે. એ લોકો પણ સમજી ગયા છે કે ભારત સૌથી વધુ ઝડપે વિકસતું અર્થતંત્ર ધરાવતો દેશ છે અને મુસ્લિમો પ્રત્યે પણ અહીં કોઈ ભેદભાવ રાખવામાં નથી આવતો. ઈસ્લામિક રાષ્ટ્રોમાં તો શરિયતનો કાનૂન ચાલે છે. ભારત હિંદુ બહુમતી ધરાવતો દેશ હોવા છતાં અહીં કોઈ ધાર્મિક કાયદો કે બહુમતીની તરફેણ ધરાવતી આચારસંહિતા અમલમાં નથી. લઘુમતી ઉપર અહીં 'ભારત માતા કી જય' જેવા નિર્દોષ નારા વિશે પણ દબાણ નથી ચાલતું - ભલે રાજકીય હેતુસર કેટલાક નેતાઓ એ મુદ્દો ઉછાળતા ફરે. રામદેવ બાબાએ વળી વધુ એક ઉંબાડિયું ચાંપ્યું છે - પરંતુ એથી સાઉદી અરબ જેવા સમૃદ્ધ દેશોને ભારત સાથે વેપારી સંબંધો વધારવામાં મુશ્કેલ નથી પડવાની!

# જીંદગી મારી બને હરરોજ એપ્રિલફુલ છે

શ્વાસ તો મૃત્યુ તરફ ધસવામાં બસ મશગુલ છે.
જીંદગી મારી બને હરરોજ એપ્રિલફુલ છે...
જૂજ સારા અવસરે ભીની થતી બે પાંપણો
જીંદગી મારી બને હરરોજ એફિલફુલ છે...
બારીઓ, દિવાલમાં, સંબંધ વણસાવે વધુ
જીંદગી મારી બને હરરોજ એપ્રિલફુલ છે.
ખંજરીની આડમાં ખંજર છુપાયા હોય છે
જીંદગી મારી બને હરરોજ એપ્રિલફુલ છે.
વારસો છેલ્લે કફનના પણ હિસાબો રાખતા
જીંદગી મારી બને હરરોજ એપ્રિલફુલ છે.

એપ્રિલફુલ ડે નું ઉદ્ગમ ઘણું વિચિત્ર છે... એક વાયકા પ્રમાણે ગ્રેગેરિયન કેલેન્ડરને અપનાવાયા પછી તુરંત આ દિવસ મનાવવાની શરુઆત થઈ આ શબ્દનો ઉલ્લેખ અમુક લોકો કે જે હજી પણ જ્યુલિયન કેલેન્ડર વાપરતા હતા તેમના સંદર્ભમાં થયો હોવો જોઈએ...

અંગ્રેજો દ્વારા જયારે ૧ જાન્યુઆરીને નવ વર્ષ તરીકે આપણા પર થોપવામાં આવ્યું... તે પહેલાં તો આપણે વિક્રમ સંવત અનુસાર ૧ એપ્રિલને જ આપણું નવું વર્ષ તરીકે ઉજવતા હતા.

ખરેખર તો આ દિવસ અને આ મહિનાથી શરૂ થતી આપણી ઐતિહાસિક તવારિખ અને ઉત્સવો જુઓ...

- શુક્લ પ્રતિપદા - આ મહિનાથી આ દિવસથી શરુ થાય છે...

- વિક્રમ સંવતની કાલ ગણના આ દિવસથી શરુ થઈ...

'એપ્રિલફુલ' એ આપણી સંસ્કૃતિને આપણા ગૌરવાન્વિત વારસાને ભૂલાવી દેવા માટે મનાવવાનું આપણાં દેશમાં શરુ કરવામાં આવ્યું.

અગાઉ કહ્યું તેમ જ્યુલિયન કેલેન્ડરને ફોલો કરતા લોકોની મજાક ઉડાવવા તેમજ આપણા સનાતન કેલેન્ડરને અનુસરતા લોકોની મજાક ઉડાવવા માટે આ દિવસને 'મૂર્ખ દિવસ' તરીકે મનાવવાનું શરુ કરવામાં આવ્યું.

૧૫૮૨ માં પોપ ગેગ્રોરી એ 'ગ્રેગેરીયન કેલેન્ડર' ને અપનાવવાનું ફરમાન જાહેર કર્યું અને તેમાં ૧ જાન્યુઆરીને નવા વર્ષનો પહેલો દિવસ બતાવવામાં આવ્યો...

જે લોકોએ તેને અપનાવવાનો ઈન્કાર કર્યો, તેમનો ૧ એપ્રિલ - ફુલ્સ ડે' ના રૂપમાં મજાક ઉડાવવાનું શરૂ કર્યું... - જેથી આ '૧ એપ્રિલ' વર્ષનો પ્રથમ દિવસ ન બની રહેતા 'મૂરખ દિવસ' બની રહ્યો ઐતિહાસિક સંદર્ભ સાથે 'એક એપ્રિલ' ને યાદ કરાવવાનું ખરુ કારણ એ જ છે કે આપણે 'મૂર્ખ' કયાં સુધી બન્યા કરીશું?

'ફુલ્સ ડે' - મૂર્ખ દિવસની ઐતિહાસિક યાદ રાખવા જેટલી મથામણ ન કરવી હોય તો પણ શું તમને નથી લાગતું કે આપણે રોજ મૂર્ખ બનાવાઈ રહ્યા છીએ?

જયારે - જયારે આપણી ભવ્ય વારસાઈને મજાક બનાવીને પેશ કરવામાં આવી છે, ત્યારે ત્યારે આપણું પતન થયું છે...

એની વેઝ, વાત હતી... મૂર્ક બનવાની... તો શું તેની માટે વર્ષમાં એક જ દિવસ હોય છે? ના ના... '૧ એપ્રિલ' તો રોજ હોય છે... અને આપણે રોજ મૂર્ખ બનીએ છીએ...

માત્ર ૧ એપ્રિલે તો સ્વીકારીએ છીએ કે આ 'મૂર્ખ દિવસ' છે... આપણને રાજકારણીઓ બનાવી જાય, સહકર્મચારી બનાવી જાય, બિઝનેશ પાર્ટનર બનાવી જાય, બજારમાં વેપારી બનાવી જાય, માંદા પડીએ તો લકઝુરીયસ હોટલો સોરી હોસ્પિટલો બનાવી જાય... શિક્ષણનો વેપાર કરતી સ્કૂલો બનાવી જાય... સાસુ-વહુની સિરિયલ બનાવનાર ડેલીસૉપ વાળા રોજ બનાવે રાખે...




ન્યૂઝ ચેનલ વાળા ન્યૂઝના નામે દેકારો બતાવીને બનાવી જાય...

આપણે તો રોજેરોજ છેતરાવા ચાલીએ છીએ... પરંતુ બીજી દષ્ટિએ જોઈએ તો આપણને મૂર્ખ બનાવવું ખરેખર અઘરું છે... પણ આપણે જાતે જ છેતરાતા ચાલીએ છીએ... જાણે કે મૂર્ખ બનાવનારાઓને આપણે જ મદદ કરીએ છીએ...

આપણને જયારે આપણા જ મૂર્ખ બનાવતા થતા જાય છે, ત્યારે ખરેખર કારમો ઘા વાગે છે...

અને ફક્ત આપણે જ છેતરાતા ચાલીએ છીએ તેમ કહેવું ઉચિત નથી... આપણે પણ ઘણી વખત મૂર્ખ બનાવવાનું કામ કરતા હોઈએ છીએ...

અને જયારે આપણે કોઈને ચીટ કરીએ ત્યારે આપણે પોતાની જાતને જસ્ટીફાય કરતા કહીએ છીએ કે આ તો 'જેવા સાથે તેવા' - ટીટ ફૉર ટેટ કહેવાય.. અરે વાહ! આવું કહીને આપણે આપણાં આત્માને તો રોજ 'એપ્રિલફુલ' બનાવીએ છીએ...

આપણા ખોટા કાર્યને, આપણા અસત્યને જયારે વ્યાવહારિતાનો જામો પહેરાવવાનો અને 'જમાનો હવે વ્યવહારુઓનો છે.' જેવા સૂફિયાણા વાક્યોના વરખ નીચે છૂપાવવાનો વ્યર્થ પ્રયત્ન આદરીએ તે આપણે આપણી જાત સાથે 'એપ્રિલફુલ' રમ્યું કહેવાય...

- jayuoza@gmail.com
Mo. 9898046488

# લોકસાહિત્યના કર્મી-ધર્મીને પદ્મ એવોર્ડની અર્પણવિધિ



અરબી સમુદ્રના નિરંતર ઉછળતા મોજાઓની થપાટને ઝીલતું કચ્છનું માંડવી નગર ઉન્નત મસ્તકે અનેક સૈકાઓથી ઊભેલું છે. ઉન્નત મસ્તક રાખવાનો આ નગરનો હક્ક પણ બને છે. કચ્છ પ્રદેશના વિશ્વ સાથેના ઐતિહાસિક દરિયાઈ સંબંધોનું આ નગર શાક્ષી છે. આજ નગરમાંથી શામજી નામનો યુવાન જીવનમાં પુરુષાર્થ અને નિષ્ઠાના બળે પંડિત શામજી કૃષ્ણ વર્મા બનીને દેશના મુક્તિ માટેના સંગ્રામનો એક સદાકાળ ચમકતો સિતારો બનેલો છે તેના શાક્ષી બનવાનું સૌભાગ્ય પણ આ નગરને મળેલું છે. એક ધ્યાન ખેંચે અને ફરી ફરી વાગોળવી ગમે તેવી ઘટના આ ઐતિહાસિક નગરથી થોડેજ દૂર રતડીયા નામના ગામમાં દસેક વર્ષ પહેલા બની હતી. રતડીયા ગામમાં આઈ શ્રી હાસબાઈમા એક જાગતી અને જ્વલંત જ્યોત જેવું ઉજ્વળ જીવન વ્યતિત કરતા હતા. આંગણે આવેલા અજાણ્યા અતિથિને પણ રોટલો અને સીતારામના નામના રટણની ભેટ આઈમા તરફથી સૌને આગ્રહપૂર્વક ઉપલબ્ધ હતી. માતાજીનું પ્રાગટ્ય વસંત- પંચમીના સોહામણા દિવસે થયું હોવાથી બહોળો ભક્ત સમૂદાય વસંત- પંચમીના દિવસે આઈશ્રીના પ્રાગટ્ય નિમિત્તે લાગણીનો ઓચ્છવ મનાવતા હતા. કચ્છ તથા કચ્છ બહારના અનેક સ્થળોએથી મોટી સંખ્યામાં શ્રધ્ધા તથા ભક્તિના ભાથા સાથે માઈભક્તો રતડીયાને તીર્થસ્થાન સમજી આપમેળે પહોંચી જતા હતા. મા હાસબાઈના શિશુ સહજ વ્યક્તિત્વના તથા તેમની અવિરત ઉપાસનાના એક મજબૂત ખેંચાણને કારણે આ ગતિવિધિ નિયમિત સ્વરૂપે થયા કરતી હતી.

કચ્છ - સૌરાષ્ટ્રના મોટા ભાગના ઉત્સવોમાં બને છે તેમ મીઠપ અને મધુરતાના મર્મી લોક કલાકારો મોડી સાંજે નરવા સાહિત્યની રસલ્હાણ આવા પ્રસંગે પીરસતા હતા. કચ્છમાં આવા લોકસાહિત્ય કે ભજનના કાર્યક્રમને કેવો હોંશીલો પ્રતિસાદ મળે છે તે તો તેને નજરે જોઈએ તોજ સમજી શકાય. આ બાબત વિશેષ સ્પષ્ટ કરવા માટે એક ઉદાહરણ જોઈએ તો ભાવકોની હકડેઠઠ વચ્ચે અવધૂતી આસન જમાવીને બેઠેલા નારાયણ સ્વામીની સંતવાણી સાંભળતા અને માણતા રાત જાણે અહીં ટૂંકી પડતી હતી. આવોજ એક સાહિત્ય પ્રસાદ પીરસવાનો કાર્યક્રમ વસંત પંચમીના ઉપલક્ષમાં રતડીયામાં ગોઠવાયો હતો. માતૃ સ્વરૂપા હાસબાઈમાની હાજરી વાતાવરણને પવિત્ર બનાવતી હતી. આ ઘટના બની ત્યારે ભાવકોની હાજરી પણ થોડી વધારે હતી તેમ બનવાનું કારણ પણ હતું. સોરઠમાં જન્મ ધરીને લોકસાહિત્યનો રસથાળ વિશ્વના અનેક દેશોમાં પીરસનાર મમી અને કમી કલાકાર ભીખુદાનભાઈ ગઢવી આજે માતાજીની પ્રસન્નતા માટે ગીતોનો હારલો ગૂંથીને લાવ્યા હતા. ભીખુદાનભાઈને આવા શુભ દિવસે ઘરઆંગણે માણવાની તક કોણ ચૂકે ? ઉગમણા ઓરડાવાળી મઢડાવાળી મા સોનબાઈનું સ્મરણ કરીને આ દેવીપુત્ર રતડીયાની પાવન ધરતી પર સાહિત્યની સરવાણી રેલાવવાની શરૂઆત કરે છે. ભીખુદાનભાઈને સાંભળતા અનેક સાહિત્ય મમીઓના મનમાં કવિ દુલા ભાયા કાગની અલૌકિક કહેણી, મેરુભાની સ્વર બુલંદીના પડઘા અને હેમુ ગઢવીની મીઠાશ તાજી થાય છે.

એકાએક કોઈ સજ્જન ભરી સભામાંથી ઉઠે છે. ભીખુદાનભાઈની રજૂઆતથી તેને થયેલી પ્રસન્નતા નરી આંખે જોઈ શકાય તેવી છે. આ અજાણ્યા વ્યક્તિના હાથમાં રુપિયાની નોટોનું મોટું બંડલ છે. આ નાણાં તે વ્યક્તિ ભીખુદાનભાઈના હારમોનિયમ પર પૂરા વિવેક સાથે રાખે છે. આ રીતે ઘોળ કરવાની પ્રથા એ કચ્છ - સૌરાષ્ટ્રના લોકો માટે સાહજિક તથા સાર્વત્રિક છે. ઘોળના આ માધ્યમથી કલાકાર તરફના સ્નેહ અને સન્માન બન્નેની મૂંગી છતાં અસરકારક અભિવ્યક્તિ થાય છે. આથી કોઈને આ ઘોળ કરવાની વાત નવી ન લાગી. પરંતુ હવે જે ઘટના બને છે તે જીવનમાં ઊંચા ધોરણો જાળવીને જીવવાની મનોવૃત્તિનો નિર્દેશ કરનારી છે. ભીખુદાનભાઈ ક્ષણનોયે વિલંબ કર્યા સિવાય આ દેખીતી રીતે મોટી લાગતી નાણાંકીય રકમનું બંડલ આઈ શ્રી હાસબાઈના ચરણોમાં પૂરા સમર્પણ ભાવથી મૂકીને જાણે કે હળવા થઈ જાય છે ! ''લેવાના હેવા નહિ'' એવા કવિ શ્રી કાગે લખેલી માતૃશ્રી સોનબાઈની શીખામણનું જાણે કે ભીખુદાનભાઈ હૂબહૂ દર્શન કરાવતા હતા. આઈ હાસબાઈમાની અમી દ્રષ્ટિની શાક્ષીએ બનેલી આ ઘટના કદાચ કોઈને નાની કે ઓછા મહત્વની પણ લાગે. પરંતુ ધ્યાનથી જોઈએ અને વિચારીએ તો 'બ્રહ્માર્પણમ' કરવાની આ શુભ વૃત્તિ સંસ્કારના અને વિવેકના આભ ઊંચા ગુણોની શાનદાર અભિવ્યક્તિ છે.




આવા મર્મી તથા મેઘકંઠીલા કલાકારને ભારત સરકાર ૨૦૧૬ના વર્ષમાં પદ્મશ્રી એવોર્ડથી વિભૂષિત કરે તે સહજ - સ્વાભાવિક તથા ન્યાયયુક્ત છે. એક વ્યક્તિ ઉપરાંત લોક થકી સર્જાયેલા અને સચવાયેલા ઉમદા અને અનોખા સાહિત્યની કેન્દ્ર સરકાર દ્વારા થયેલી આ એક જાહેર સ્વીકૃતિ છે. આ કારણસરજ લોક સાહિત્ય સાથે કોઈપણ સ્વરૂપે જોડાયેલા અનેક મર્મી ભાવકોની લાગણી હરખને કારણે ઉછાળા મારતી હોય તે સમજી શકાય તેવી બાબત છે.

ભૂતકાળમાં પણ અનેક પ્રસંગોએ લોકસાહિત્યના મર્મીઓનું સન્માન સમાજે તેમજ શાસને વિવિધ પ્રસંગોએ કરેલું છે. એક વિશાળ જનસમૂહ આ સાહિત્યને નિયમિત સાંભળે છે અને માણે છે તેજ આ સાહિત્યના જીવંત ધબકારનો નક્કર પુરાવો છે. આથીજ અનેક નવા કલાકારોએ પણ લોકસાહિત્યના વિશાળ પ્રદેશમાં ડગલા માંડેલા છે અને તેમની રજૂઆતને પણ સમાજે ખોબે અને ધોબે વધાવી છે. સમાજ જ્યારે આવા ભાવથી આ સાહિત્યને વધાવે છે ત્યારે આ સાહિત્યની ઉપાસના કરનાર મમીઓની પણ એક વિશેષ જવાબદારી બને છે. આપણાં ઉજળા વારસા સમાન આ સાહિત્યના સુવર્ણ સ્વરૂપને કોઈ દાગ ન લાગે તેમજ તેની પ્રસ્તુતિમાં શુધ્ધતા તથા પવિત્રતા જળવાઈ રહે તે જોવાની આપણી સૌની ફરજ છે. કાકા સાહેબ કાલેલકરે લોકસાહિત્યને લોકોની શાશ્વત સંપતિ સમાન ગણાવેલું છે. આ સાહિત્યની પ્રસ્તુતિ કરનારા અનેક મમીઓ તેમજ તેને માણનારા વિશાળ જનસમૂહની ઊંડી સૂઝ બૂઝને વધાવી લેવાનો આ રૂડો અવસર છે. ભીખુદાનભાઈ ગઢવી (માણેકવાડા - સોરઠ) તેમજ તેમના અર્ધાંગના અ.સૌ. ગજરાબહેન (સનાળી)ને મંગળમય ભાવિની અંતરના ઉમળકાની વધામણી આપીએ તે આ તકે યથાર્થ તથા પ્રસ્તુત છે.

# ભજનના શબ્દો દીવડાની ગરજ સારે છે, એકાદી પંક્તિ સાંભળીને દિલમાં દીવો થઈ જાય તો એ ભજનનું સાંભળવું સાર્થક થઈ જાય છે, ગાયક તો સૂર સાથે આ ભજનો ગાઈને નિજાનંદ માણે જ છે, પરંતુ સાંભળનાર પણ સાંભળતા સાંભળતા સુખ-દુઃખને ભૂલી જાય છે

'માડી, એક બે ભજન તો સંભળાવો, અમે સાંભળતા જઈએ. મીનાએ કહ્યું, અને સામેથી જવાબ મળ્યો.' ભજન તમારી ફળમાઈશથી ન ગવાય બેટા, મારા મૂડથી હું ગાઉં.''

બ્રિટનના લંડન શહેરમાં દાયકાઓથી સ્થાયી થયેલી મીના નિયમિતરુપે ગુજરાતના અમદાવાદ શહેરમાં એના પિયરમાં આવતી. સતત દોડધામ - બર્ફીલુ વાતાવરણ - સખત ઠંડી અને થોડા ઘણા અંશે સામાજિક હૂંફનો અભાવ - આ બધું સહન કરીને પણ જીવતા લાખો ગુજરાતીઓની જેમ એ પણ પોતાનો સંઘર્ષ કરતી હતી.

આ વખતે એ એના યુવાન દીકરાને લઈને આવી હતી. સાયન્સ ફૅકલ્ટીમાં માસ્ટર ડીગ્રીનો અભ્યાસ કરી રહેલા દીકરાને કૉલેજમાં અનાયાસ થોડી રજા મળી હતી. ચાર વર્ષથી એ પણ ભારત આવ્યો ન હતો. રાજાશાહી ઠાઠમાઠથી શોભતા ઉદયપુર - હીલ સ્ટેશનનો આબુ અને સાપુતારા તથા સોમનાથના સમુદ્ર કિનારે જવાના એના અરમાનો પુરા કરવાના મજબુત ઈરાદાઓ સાથે એ આવી હતી. બ્રિટનમાં પણ એમના ઘરમાં ગુજરાતી ભાષા - ગુજરાતી ભોજન-ઉત્સવો- મંદિરો એન સામાજિક પ્રસંગો ઉજવાતા એટલે એના દીકરાને પણ ગુજરાતની સંસ્કૃતિ - વાતાવરણ - અને પ્રવાસન સ્થળોની મુલાકાતનો વિશેષ રસ હતો.




સ્થાનિક સગા-વહાલાને મળવા જવાના કાર્યક્રમો મુજબ આજે વહેલી સવારે તેઓ પરિવારના મુરબ્બી કોકિલાબાને મળવા એસ.જી. હાઈવે પરના ગામ ઓગણજમાં એક ફલૅટમાં આવી પહોંચ્યા હતા.

કોકિલા બા ઐસીની વયે પહોંચ્યા છતાં હરી-ફરી શકે તેવા સક્ષમ હતા. બધા એકબીજાને મળ્યા. દીકરાને આશીર્વાદ આપ્યા. તેના રીસર્ચની વાતો સાંભળી. થોડીવારમાં કીચન એરિયામાંથી ૫૫-૬૦ના એક વૃદ્ધા આવ્યા. 'જયશ્રીકૃષ્ણ...' એમણે મીનાને કહ્યું. મીના ઓળખી ગઈ... 'અરે, ભાનુમા તમે મને ઓળખી ગયા?' જવાબ મળ્યો 'અમે ભલે ગામડાના રહ્યા, એકવાર પ્રેમથી મળેલા માણહને ભુલીએ નહીં.'

ભાનુમા એમના પરિવાર સાથે ત્યાં જ ગામમાં રહેતા હતા. આર્થિક જરૂરિયાતો પૂરી કરવા નહિ પરંતુ સમયના સદુપયોગ માટે તેઓ બે-ચાર ઘરના કામ કરતા હતા.

**આજકાલ પ્રત્યેક માનવી સતત તાણમાં જીવે છે ત્યારે પરંપરાની આ ભજનવાણીના પદો ગામડા ગામના અભણ માણસ કોઠાસૂઝના દર્શન કરાવે છે, આવા ભજનોના ગાયક કે શ્રવણ સાથે આપણા શ્વાસનો - હૃદયનો અને જીવતરનો તાલ મળી જાય તો આ ભજનવાણીના શબ્દો દ્વારા જીવનમાં અજવાળા અજવાળાં રેલાય છે**

'અમારે ભાનુ મા વિના એકેય દિવસ ન ચાલે' કોકિલાબાએ કહ્યું ત્યાં એમની પુત્રવધુએ ઉમેર્યું 'અને એમના મોબાઈલમાં કેટલાયે ભજનો છે, સાંભળતા જાય ને કામ કરતા જાય.'

ઈશ્વરે એમને મીઠો-હલકદાર કંઠ આપ્યો હતો. ગામના મંદિરમાં એ ભજનો ગાતા. ભજનમાં એમની હૃદયની આરત ભળે, કયારેક આંખમાંથી અશ્રુ ઝરે... શ્રાવણ મહિનો, આસો અને ચૈત્રી નવરાત્રીમાં એમના ભાવપૂર્ણ અવાજનો જાદુ છવાઈ.

આ વાતનો ઉલ્લેખ થયો એટલે જ મીનાએ ભજન ગાવાની વાત કરીને બાનુમાએ પ્રેમથી જવાબ આપ્યો કે ભજનવાણી તો મને અંદરથી ભાવ ઉઘડે તો ગવાય બેટા.

'હાલો ત્યારે, રાત્રે આવજો મંદિરે ભજન સંભળાવીશ એમ કહીને ભાનુમા આશીર્વાદ આપીને વિદાય થયા. સહુ એમના હૃદયની નિર્મળતા અને સરળતાને તથા અંતરમાં સમાયેલા ભક્તિભાવને વંદન કરી રહ્યા.'



ચૈત્રી નવરાત્રીનો આરંભ સાવ નજીક છે ત્યારે આ ઘટનાનું સ્મરણ થાય છે.

શક્તિ આધારકો માટે મહત્ત્વનું પર્વ છે ચૈત્રી નવરાત્રી. શક્તિ સંચયનું આ પર્વ મા દુર્ગાની સાધના માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. ભાવિક ભક્તો આ નવ દિવસો દરમિયાન મા ગાયત્રીનું અનુષ્ઠાન કરે છે. સંધિકાળની આ ઋતુમાં આહાર-વિહાર અને વિચારમાં સંયમની જાળવણી માટે શ્રેષ્ઠ માધ્યમ અનુષ્ઠાન છે. નવરાત્રી શબ્દ સાથે જ અદિશક્તિની વંદનાના સ્તોત્ર-પાઠ અને ગરબાનું પણ સહેજે સ્મરણ થાય, મંદિરોમાં રોજે રોજે નિયમિત રુપે ગળાતા આરતી-થાળ અને ભજનો થકી એક હકારાત્મક વાતાવરણ ઊભુ થાય છે.

ગામડા ગામમાં મંદિરોમાં ગવાતા ભજનોનો મહિમા આજે પણ સચવાયેલો પડ્યો છે. કારણ કે ત્યાં એ ભજનો એના અસલી ઢાળ અને મિજાજ સાથે તથા હૃદયના શુદ્ધ ભાવથી ગવાય છે.

ભજનના શબ્દો દીવડાની ગરજ સારે છે. એકાદી પંક્તિ સાંભળીને દિલમાં દીવો થઈ જાય તો એ ભજનનું સાંભળવું સાર્થક થઈ જાય છે. ગાયક તો સૂર સાથે આ ભજનો ગાઈને નિજાનંદ માણે જ છે. પરંતુ સાંભળનાર પણ સાંભળતા સાંભળતા સુખ-દુઃખને ભૂલી જાય છે.

સાંઈ કવિ મકરંદ દવે એક પુસ્તકમાં લખે છે કે 'ભાંગતી રાતે ગવાતાં અને મનુષ્યના કહન એકાંતે પોતાના સર્જનહાર સાથે તાર સંધાતા આ ભજનોમાં કોઈ દૂરનાં નક્ષત્રોના અણબોટ્યા પવનની લેરખી વહી આવે છે.'

આજકાલ પ્રત્યેક માનવી સતત તાણમાં જીવે છે ત્યારે પરંપરાની આ ભજનવાણીના પદો ગામડા ગામના અભણ માણસ કોઠાસૂઝના દર્શન કરાવે છે. આવા ભજનોના ગાયક કે શ્રવણ સાથે આપણા શ્વાસનો - હૃદયનો અને જીવતરનો તાલ મળી જાય તો આ ભજનવાણીના શબ્દો દ્વારા જીવનમાં અજવાળા અજવાળાં રેલાય છે.

**તેજપુંજ :**

**જાગજો તમે ચેતજો, છેલ્લી સંનધનો પોકાર રે**
**હરિ ભજનમાં ભરપૂર રહેજો,**
**હરિનામનો ઓધાર રે**

**- મૂળદાસ**